ગુજરાતની તિજોરીને 4000 કરોડનું નુકસાન

વિધાનસભામાં રજૂ થયો વર્ષ 23-24ના નાણાકીય વર્ષનો CAGનો રિપોર્ટ

ગાંધીનગર : આજે ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા CAG (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ) ના માર્ચ 2024ના નાણાંકીય વર્ષના અંતિમ રિપોર્ટમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ગંભીર નાણાંકીય ક્ષતિઓ અને વહીવટી બેદરકારીઓ સામે આવી છે. GST વસૂલાતથી લઈને પરિવહન અને વન વિભાગ સુધી, રાજ્ય સરકારની તિજોરીને અંદાજિત 4000 કરોડનું નુકસાન, ઓછી વસૂલાતનો સામનો કરો પડયો છે.

CAG દ્વારા કરવામાં આવેલી મહત્ત્વની ભલામણો

● ડિજિટલ વેલિડેશન: VAHAN અને SARATHI પોર્ટલમાં 'નોન-બાયપાસેબલ' ઓટોમેટેડ વેલિડેશન સિસ્ટમ દાખલ કરવી. ● ઈ-ડિટેક્શન: ટોલ પ્લાઝા પર આઈ-ડિટેક્શનનો લાભ લઈ એક્સપાયર ફિટનેસ અને પરમિટવાળા વાહનોને પકડવા રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવું. ● કડક દેખરેખ: GST રજિસ્ટ્રેશન રદ કરવા અને ટેક્સ વસૂલાત માટે સમયમર્યાદાનું ચુસ્ત પાલન કરવું. ● સેન્ટ્રલ મોનિટરિંગ: જપ્ત કરાયેલા વાહનોના નિકાલ માટે કેન્દ્રીય મોનિટરિંગ અને હરાજી સેલની સ્થાપના કરવી.

ગુજરાતની શહેરી વિકાસયાત્રાનાં ૨૦ વર્ષ

પીએમ મોદી આગામી ૩૧ માર્ચે ગુજરાત આવશે

કરોડો રૂપિયાનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યમાં શહેરી વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ 'શહેરી વર્ષ'ની જે શરૂઆત કરી હતી, તેને ૨૦ વર્ષ પૂર્ણ થતા વર્ષ ૨૦૨૫ને રાજ્ય સરકાર દ્વારા 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજ્યના ૬ શહેરોમાં ૧૧,૫૦૭ કરોડના ખર્ચે ૩૫૭ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે. વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે નડિયાદ, મોરબી, આણંદ અને મહેસાણા સહિત કુલ ૯ નવી મહાનગરપાલિકાઓની જાહેરાત કરાતા હવે રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ કાર્યરત થઈ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં શહેરી વિકાસ માટે ૩૩,૫૦૪ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. રેલવેની વાત કરીએ તો અમદાવાદ મેટ્રો ફેઝ-૨ પૂર્ણ થયો છે અને સુરત મેટ્રોનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. વંદે ભારત અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ રાજ્યની પરિવહન વ્યવસ્થાને આધુનિક બનાવી રહ્યા છે. ઉપરાંત 'નમોશક્તિ' (૪૩૦ કિમી) અને 'સોમનાથ-દ્વારકા' (૬૮૦ કિમી) જેવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વેની જાહેરાત કરવામાં આવી છે. દ્વારકાનો 'સુદર્શન સેતુ' એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો સાબિત થયો છે. રાજકોટમાં હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટ અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નિર્માણથી વ્યાપારિક ગતિવિધિઓને વેગ મળ્યો છે. રાજ્યમાં ૯.૧૯ લાખથી વધુ પરિવારોને પોતાના ઘરનું સપનું સાકાર થયું છે. હવે 'આવાસ યોજના ૨.૦' હેઠળ નવા ૧ લાખ ઘરો મંજૂર કરાયા છે.

અમૃત ૨.૦ મિશનઃ શહેરોને જળ સુરક્ષિત બનાવવા ૧,૨૦૦ કરોડથી વધુના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પ્રોજેક્ટ્સ અમલી બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં અમદાવાદને 'ઓલિમ્પિક રેડી સિટી' બનાવવા માટે ૧,૨૭૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ અંતર્ગત આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને સ્ટેડિયમ વિકસાવવામાં આવશે, જે ગુજરાતને વૈશ્વિક રમતગમતના નકશા પર અંકિત કરશે.ગુજરાતની આ ૨૦ વર્ષની શહેરી વિકાસયાત્રાએ ગ્રામીણ વિસ્તારોને આધુનિક શહેરી કેન્દ્રોમાં પરિવર્તિત કરી 'ઈઝ ઓફ લિવિંગ'નો સાચો અર્થ સાકાર કર્યો છે.

ગાંધીનગરમાં ૩૪ બીજ અધિકારી અને ૧૧ પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત થયા

ગાંધીનગર : આજે કૃષિ અને પશુપાલન વિભાગ હેઠળ નવનિયુક્ત ૩૪ બીજ અધિકારી અને ૧૧ પશુધન નિરીક્ષકોને નિમણૂક પત્ર એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો.આ સમારંભમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભરતી પ્રક્રિયા અત્યંત પારદર્શક બનતા પ્રતિભાશાળી યુવાનો પોતાની મહેનતથી સરકારી સેવામાં જોડાયા છે. તેમણે જણાવ્યું હતું કે કૃષિ અને પશુપાલન વિભાગમાં કામ કરવું એ માત્ર નોકરી નથી, પરંતુ અન્નદાતા ખેડૂતો અને મૂંગા પશુઓની સેવા કરવાની એક ઉત્તમ તક છે. વાઘાણીએ નવા અધિકારીઓને પીએમ નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત-૨૦૪૭'ના વિઝનમાં સહભાગી થવા અને ૧૦ થી ૫ ની નોકરીની માનસિકતા છોડી સમર્પણ ભાવથી જનકલ્યાણના કામોમાં જોડાવા આહવાન કર્યું હતું. તેમણે ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ મળી રહે તે સુનિશ્ચિત કરવા અને પશુધનની સેવામાં નિષ્ઠા દાખવવા શીખ આપી હતી.

ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરીમાં 19નો સમાવેશ

સુરત જિલ્લા અને શહેરના પાંચ અગ્રણીઓની પસંદગી

ગાંધીનગર : આજે ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકમાની ઉપસ્થિતિમાં પાર્ટીની કોર કમિટીની મહત્વની બેઠક મળી હતી. જેમાં આગામી નજીકના સમયમાં જાહેર થનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની ચર્ચા કરાઈ હતી. ખાસ કરીને આ બેઠકમાં ચર્ચા થયા મુજબ , જગદીશ વિશ્વકર્માએ આજે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની જાહેરાત પણ કરી દીધી હતી.

આજે જાહેર કરાયેલા ભાજપના નવા પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની જાહેરાત મુજબ , તેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ , ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, ડે સીએમ હર્ષ સંઘવી , પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર , પૂર્વ ડે સીએમ નીતિન પટેલ , પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વર્તમાન મંત્રી પ્રદ્યુમન વાજા, દર્શનાબેન જરદોશ , બાબુ બોખીરિયા, રાજેશ ચુડાસમા, નટુજી ઠાકોર , ગણપતસિંહ વસાવા, અંજુબેન વેકરિયાનો સમાવેશ કરાયો છે. જ્યારે વિશેષ આમંત્રિત સભ્યોમાં સી આર પાટીલ , પરષોત્તમ રૂપાલા, આર સી ફળદુ, જીતુ વાઘાણીનો સમાવેશ કરાયો છે. જ્યારે આમંત્રિત સભ્યોમાં જયશ્રીબેન પટેલ અને વર્ષાબેન દોશીનો સમાવેશ કરાયો છે.

11 સભ્યોની કોર કમિટી તાજેતરમાં કેન્દ્રિય નેતાગીરી સાથે પરામર્શ બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગુજરાત આગામી સમયમાં આવનારી ચૂંટણીને ધ્યાને રાખીને સંગઠનાત્મક નિર્ણયો માટે અત્યંત મહત્વની એવી 'પ્રદેશ ચૂંટણી સમિતિ' (કોર ગ્રુપ) ના સભ્યોની જાહેરાત અગાઉ કરી હતી. આ 11 સભ્યોની કોર કમિટીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, ઉપરાંત, કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ અને રાજ્યના ડે સીએમ હર્ષ સંઘવીને પણ આ મહત્વની કમિટીમાં સ્થાન આપવામાં આવ્યું છે. સંગઠનના સ્તરે મજબૂત પકડ ધરાવતા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરનો પણ આ યાદીમાં સમાવેશ કરાયો છે. અન્ય સભ્યોમાં રાજ્ય મંત્રીમંડળના દિગ્ગજ નેતાઓ જેવા કે જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ અને દર્શનાબેન વાઘેલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પૂર્વ મંત્રીઓ અને અનુભવી નેતાઓ એવા ગણપતસિંહ વસાવા, પ્રદીપસિંહ જાડેજા અને આઈ. કે. જાડેજાને પણ સમિતિમાં લઈને પક્ષે અનુભવને પ્રાધાન્ય આપ્યું છે.

કેરળ સ્ટોરી-૨ જેવી ફિલ્મો વડે ભાજપ કેરળમાં સત્તા મેળવવા માગે છે

ડુ ધ પોઇન્ટ
સમકિત શાહ

લવ જિહાદ જેવા સંવેદનશીલ વિષય પર બનેલી ફિલ્મ કેરળ સ્ટોરીનો પહેલો ભાગ પ્રદર્શિત થયો ત્યારે તેણે વિવાદો જગાવ્યા હતા. હવે તેનો બીજો ભાગ પણ વિવાદો વકરાવી રહ્યો છે. મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના નાલાસોપારામાં PVR કેપિટલ મોલમાં ૫ માર્ચે હિન્દુ જાગરણ મંચ નામની સંસ્થા દ્વારા ફિલ્મ કેરળ સ્ટોરી રનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મના પ્રદર્શન પછી, સિનેમા હોલમાં પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે હિન્દુઓ સિવાય અન્ય કોઈ સાથે કોઈ સંબંધ રહેશે નહીં અને બિનહિન્દુઓ સાથે મિત્રતા નહીં રહે. આ પ્રતિજ્ઞાના વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ અન્ય સમુદાયને કાપડનો એક ટુકડો પણ વેચવા દેવામાં આવશે નહીં. ફિલ્મ દરમિયાન ઉપસ્થિતોને પ્રતિજ્ઞા લેવામા આવી હતી કે જો તમારે શાકભાજી ખરીદવા હોય તો હિન્દુઓ પાસેથી ખરીદો, અને જો તમારે વાળ કાપવા હોય તો હિન્દુ હજામ પાસે કપાવો. કોંગ્રેસે આને બે સમુદાયો વચ્ચે તિરાડ પાડવાના હેતુથી કરાયેલું પગલું ગણાવ્યું છે. કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ કહ્યું કે પોલીસે આ ઘટનાની નોંધ લેવી જોઈએ અને પોતાની રીતે કાર્યવાહી કરવી જોઈએ કારણ કે નફરત ફેલાવવી એ ગંભીર ગુનો છે. જોકે, એક સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના અંગે કોઈએ ફરિયાદ નોંધાવી નથી.

નાલાસોપારામાં ફિલ્મ શોના આયોજક અને હિન્દુ જાગરણ મંચના કન્વીનર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અમે ભારતમાં હિન્દુઓ પર થતા અત્યાચાર તથા સામૂહિક ધર્માંતરણની વાસ્તવિકતા દર્શાવવા અને હિન્દુ સમુદાયમાં જાગૃતિ લાવવા માટે આ ફિલ્મનું આયોજન કર્યું છે. કેટલાક લોકો અમારા પર ચૂંટણી પ્રચાર અને નફરત ફેલાવવાનો આરોપ લગાવી રહ્યા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુઓ વિરુદ્ધ ધર્માંતરણ અને અત્યાચાર રોકવાનો છે. અમારા કાર્યક્રમ અંગે કોઈએ ફરિયાદ કરી નથી. આ ઘટના વિશે પૂછવામાં આવતા સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સુજીત કુમાર પવારે જણાવ્યું કે આ અંગે કોઈ ફરિયાદ મળી નથી, તેથી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ નવી ફિલ્મ ધ કેરળ સ્ટોરીની સિક્વલ છે, જે મે ૨૦૨૩ માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી પહેલાં રિલીઝ થઈ હતી, જેમાં કોંગ્રેસે જીત મેળવી હતી. ધ કેરળ સ્ટોરી રની રિલીઝ ભારતીય જનતા પાર્ટીને કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં વધુ મદદ નહીં કરે, પરંતુ તે ભવિષ્યમાં કેરળમાં કોમી ધ્રુવીકરણનાં બીજ વાવવામાં મદદ કરશે. ફિલ્મના શીર્ષકમાં કેરળ રાજ્યના નામનો ઉપયોગ હાઇકોર્ટ સમક્ષ વિવાદનો વિષય બન્યો હતો. કેરળ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સિંગલ જજ દ્વારા લાદવામાં આવેલો સ્ટે ઉઠાવી લીધો હતો અને ફિલ્મના પ્રદર્શનને મંજૂરી આપી હતી.

પહેલી ફિલ્મની જેમ, આ ફિલ્મ પણ બતાવે છે કે કેવી રીતે મુસ્લિમ પુરુષો હિન્દુ કે ખ્રિસ્તી સ્ત્રીઓને વચનો આપીને આકર્ષે છે અને અંતે તેમને તેમના ધર્મના નિયમોનું પાલન કરવા દબાણ કરે છે. ઓછામાં ઓછું, ફિલ્મના ટ્રેલરે એવું જ સૂચવ્યું હતું, જેના કારણે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ ટ્રેલરમાં લોકોના ધર્મ પરિવર્તન અંગે ઉલ્લેખિત બાબતો કેરળ સરકારના ગેઝેટ નોટિફિકેશનથી સંપૂર્ણપણે ગલત સાબિત થઈ છે. હકીકતમાં, ૨૦૨૦ અને ૨૦૨૪ નાં વર્ષોમાં ગેઝેટ સૂચનાઓના અભ્યાસ પર આધારિત બે અહેવાલો ફિલ્મમાં કરવામાં આવેલા દાવાઓને ખોટા સાબિત કરે છે. ૨૦૨૦ માં અન્ય કોઈપણ ધર્મ કરતાં વધુ લોકોએ હિન્દુ ધર્મ અપનાવ્યો હતો. કુલ ૫૦૬ લોકોએ ધર્મ પરિવર્તન માટે નોંધણી કરાવી હતી, જેમાંથી ૨૪૧ લોકોએ ખ્રિસ્તી ધર્મ અથવા ઇસ્લામ છોડીને હિન્દુ ધર્મ અપનાવ્યો હતો. ઇસ્લામ ધર્મ અપનાવનારાઓની સંખ્યા ૧૪૪ હતી અને ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓની સંખ્યા ૧૧૯ હતી.

ઇસ્લામ અથવા ખ્રિસ્તી ધર્મ છોડીને હિન્દુ ધર્મ અપનાવનારાઓમાં મોટાભાગની મહિલાઓ હતી. ધાર્મિક પરિવર્તન અંગેના ૨૦૨૪ના ગેઝેટ નોટિફિકેશનના અભ્યાસમાં એક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે જાન્યુઆરી અને ડિસેમ્બર વચ્ચે કેરળમાં ૩૬૫ લોકોએ હિન્દુ ધર્મ અપનાવ્યો. તેમાંથી ૨૬૨ દલિત ખ્રિસ્તી અને મુસ્લિમ હતા, જેમાંથી ઘણાને અનુસૂચિત જાતિના દરજ્જાના વચનથી લલચાવવામાં આવ્યા હતા. ગેઝેટ નોટિફિકેશનને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે ૧૫૪ હિન્દુ મહિલાઓ અને ૧૨૨ હિન્દુ પુરુષો (કુલ ૨૭૬) એ ઇસ્લામ ધર્મ અપનાવ્યો, જ્યારે ૪૨ મહિલાઓ અને ૨૫ પુરુષોએ ખ્રિસ્તી ધર્મ છોડીને ઇસ્લામ ધર્મ અપનાવ્યો. ખ્રિસ્તી ધર્મમાંથી હિન્દુ ધર્મમાં રૂપાંતરિત થયેલા ૧૮૦ મહિલાઓ અને ૧૪૯ પુરુષોએ ધર્માંતરણ કર્યું, જ્યારે ૨૪ મુસ્લિમ પુરુષો અને ૧૨ મુસ્લિમ મહિલાઓએ હિન્દુ ધર્મ અપનાવ્યો. હિન્દુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓમાં ૧૩૦ મહિલાઓ અને ૧૦૪ પુરુષો હતા, જ્યારે ઇસ્લામમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓમાં ૧૩ મહિલાઓ અને આઠ પુરુષો હતા.

નારીવાદી સંશોધક અને તિરુવનંતપુરમના સેન્ટર ફોર ડેવલપમેન્ટલ સ્ટડીઝ (CDS) નાં પ્રોફેસર જે. દેવિકાએ જણાવ્યું કે આ ખતરનાક ઝુંબેશ ચલાવીને તેઓ મલયાલીઓને ભારતમાં બીજી લઘુમતી બનાવી રહ્યા છે. આ ઝુંબેશ મલયાલીઓને ખરાબ બતાવે છે. દેખીતી રીતે, સમય જતાં તેઓ જૂઠાણાંને સત્યમાં ફેરવે છે. કેરળ પણ એક એવું રાજ્ય છે જ્યાં વૃદ્ધ વસ્તી છે. શક્તિશાળી વંશીય સમુદાયો નોંધપાત્ર વસ્તી વિષયક દબાણનો અનુભવ કરી રહ્યા છે. તેથી, સ્ત્રીઓ એક એવું સંસાધન છે જેનું રક્ષણ કરી શકાય છે. યુવા પેઢીને જોતાં, જેમને ખૂબ શિસ્તબદ્ધ માનવામાં આવતી નથી. એવો ડર છે કે તેઓ પોતાની પસંદગીનો જીવનસાથી પસંદ કરવા માટે માતાપિતાના નિયંત્રણનો અસ્વીકાર કરી શકે છે. આનાથી ધ્રુવીકરણનાં બીજ વવાશે અને આ માટે મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવશે. ભારતના અન્ય ભાગોની જેમ અહીં મુસ્લિમોના ડરનો ઉપયોગ હિન્દુ છોકરીઓને હિન્દુત્વ સંગઠનોમાં ભરતી કરવા માટે કરવામાં આવી રહ્યો છે.

એ વાતનો ઇનકાર કરી શકાય નહીં કે કેટલાક કિસ્સાઓ એવા છે જેમાં મુસ્લિમોએ હિન્દુ અથવા ખ્રિસ્તી છોકરીઓ સાથે લગ્ન કર્યાં છે, જેમાંથી કેટલીક આતંકવાદી સંગઠનોમાં જોડાવા માટે દેશ છોડીને ગઈ છે. પરંતુ અહીં આવી કોઈ સમસ્યા નથી. આ કેરળની વાર્તા નથી. તેઓ કેરળને નિશાન બનાવી રહ્યા છે, કારણ કે હિન્દુત્વવાદી શક્તિઓ અહીં નફરત ફેલાવીને પગપેસારો કરવા માંગે છે. પ્રોફેસર પ્રભાષને વિશ્વાસ છે કે આવી વાર્તાઓ બહાર આવતી રહેશે, જે સમાજનું ધ્રુવીકરણ કરશે અને ભાજપને મજબૂત બનાવશે. મને નથી લાગતું કે હાલમાં તેનો કોઈ નોંધપાત્ર રાજકીય પ્રભાવ પડશે, કારણ કે ભાજપ હજુ પણ રાજ્યમાં એક નાની શક્તિ છે.

ભાજપને ધીમે ધીમે ખ્રિસ્તીઓનો ટેકો મળશે, પરંતુ તેઓ તાજેતરની ઘટના તરફ પણ નિર્દેશ કરે છે, જેમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) સરકારનું નેતૃત્વ કરતી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સવાદી) એ શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ (SNDP) ના પ્રમુખ વેલ્લાપલ્લી નટેસનનો ટેકો પાછો ખેંચી લીધો છે, જેમણે એવાં નિવેદનો આપ્યા છે, જે મુસ્લિમોને CPM થી દૂર કરી દે છે. આ બધું આખરે ભાજપને મદદ કરશે. સીપીએમ હિન્દુ સમુદાય અને તાડી ટેપિંગ સમુદાયના મોટા વંશીય જૂથનું પ્રતિનિધિત્વ કરવા માટે જાણીતું છે. ટૂંક સમયમાં લોકોને એ પણ ખ્યાલ આવશે કે તેમણે હિન્દુઓનું પ્રતિનિધિત્વ કરતી B ટીમને મત કેમ આપવો જોઈએ અને તેના બદલે A ટીમ, એટલે કે ભાજપને કેમ મત આપવો જોઈએ. અને પછી કેરળ ચર્ચના નેતાઓ છે, જેમણે તેમની આંતરિક સમસ્યાઓ ઉકેલવા માટે વડા પ્રધાન સાથે મુલાકાત કરી છે. ભાજપે પોતાના હિન્દુત્વના એજન્ડાનો અમલ કરવા ફિલ્મના માધ્યમનો વ્યાપક ઉપયોગ કર્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ધ કેરળ સ્ટોરી રની રિલીઝ ભારતીય જનતા પાર્ટીને કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં વધુ મદદ નહીં કરે, પરંતુ તે ભવિષ્યમાં કેરળમાં કોમી ધ્રુવીકરણનાં બીજ વાવવામાં મદદ કરશે

BUSINESS મિત્ર

સતત બીજા દિવસે તેજીના પગલે રોકાણકારોને રૂ. આઠ લાખ કરોડની કમાણી થઇ

ઇરાન-યુએસના સીઝ ફાયરના અહેવાલથી શેરબજારમાં તેજી

વાણિજ્યપ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: અમેરિકાએ દાવો કર્યો છે કે, ઈરાને હથિયાર મુકી દીધા છે અને સમાધાન કરવા રાજી છે. આમ, અમેરિકા-ઈરાન વચ્ચે સીઝ ફાયરના અહેવાલથી શેરબજારમાં આજે શરૂઆતથી જ તેજીનું ફાયર જોવા મળ્યું હતું. જોકે, આજે માર્ચ સીરિઝનો અંતિમ દિવસ હોવાથી શરૂઆતી તેજી બાદ થોડીક નફાવસુલી જોવા મળી હતી. જેથી ઉપલા સ્તરેથી શેરબજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. આજે સેન્સેક્સમાં વધુ 1200 પોઈન્ટના ઉછાળા સાથે 75000 પોઈન્ટની સપાટી કુદાવી હતી, જ્યારે નિફ્ટી 394 પોઈન્ટ ઉછળીને 23300 પોઈન્ટની ઉપર બંધ રહી હતી.

અમેરિકાએ ઈરાનને સમાધાન માટેનો પ્રસ્તાવ મોકલ્યો હતો. જોકે, ઈરાને સીધી વાતચીત કરવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈરાને યુદ્ધ વિરામ કરવા તૈયાર થઈ ગયું છે. જેના લીધે મીડલ ઈસ્ટનો તણાવ ઓછો થઈ જવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં મજબૂતાઈ જોવા મળી હતી. ક્રુડ ઓઈલના ભાવ પણ ઘટાડા તરફી જોવામળ્યા હતા. આ અહેવાલના પગલે વૈશ્વિક બજારોમાં પણ જોશ જોવા મળ્યો હતો અને તેનો સ્થાનિક બજારને ટેકો મળ્યો હતો.

ઈરાન અને યુએસ-ઈઝરાયેલ યુદ્ધના અંતના સંકેતના પગલે ભારતીય સહિત વૈશ્વિક બજારોમાં તેજીની રોનક પરત ફરતી જોવા મળી હતી, પણ સેન્સેક્સના માર્ચ સીરિઝનો અંતિમ દિવસ હોવાથી ઉપલાસ્તરેથી નફાવસુલી રહી હતી. આમ છતાં, બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 8 લાખ કરોડની વધતા રોકાણકારોનો જોશ વધ્યો હતો. બીએસઈની લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 431 લાખ કરોડની ઉપર પહોંચી ગયો છે.

બીએસઈ સેન્સેક્સ 1205 પોઈન્ટ એટલે કે 1.63 ટકા વધીને 75273.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75849 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74550 પોઈન્ટ સુધી ઘટી હતી. નિફ્ટી 394.05 પોઈન્ટ એટલે કે 1.72 ટકા વધીને 23300 પોઈન્ટની સપાટી કુદાવીને 23306.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 23450 પોઈન્ટની સપાટી કુદાવીને 23465 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23063 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1102.45 પોઈન્ટ એટલે કે 2.1 ટકા વધીને 53708.10 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટીએ 54000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. બીએસઈ ખાતે પ્રેસ્ટીજ એસ્ટેટમાં 19.02 ગણા, પીસીબીએલ કેમિકલ્સમાં 14.61 ગણા, ડેલ્હીવરીમાં 8.4 ગણા, પીબી ફિનટેકમાં 7.2 ગણા અને દાલમીયા ભારતમાં 7.12 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પીસીબીએલ કેમિકલ્સમાં 40.41 ગણા, ગોડફ્રે ફિલિપ્સમાં 21.3 ગણા, દિપક ફર્ટીલાઈઝરમાં 15.7 ગણા, સન્માન કેપિટલમાં 10.6 ગણા અને ત્રિવેણી એન્જીનીયરીંગમાં 9.24 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ તેજીનો દોર જોવાયો હતો અને બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.34 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 2.41 ટકા વધ્યા હતા. જેઓનું લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ ખાતે 2957 શેરો વધ્યા હતા, જ્યારે 1364 શેરો ઘટ્યા હતા, તથા 159 શેરો યથાવત રહ્યા હતા.

કન્ઝયુમર ડ્યુરેબલ શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી કન્ઝયુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ 3.51 ટકા વધ્યા હતા. જેમાં કલ્યાણ જવેલર્સ, વોલ્ટાસ, કજરિયા સીરામીક, બ્લુસ્ટાર, અંબર એન્ટર, સેન્ચુરી પ્લાયબોર્ડસ, ટાઈટન, બાટા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ અને હેવલ્સ ઈન્ડિયા વધ્યા હતા.

મીડલ ઈસ્ટના તણાવ ઓછો થવાના અને યુદ્ધ વિરામના અહેવાલની પાછળ યુરોપિયન અને એશિયન બજારોમાં પણ પોઝિટિવ ચાલ જોવા મળી હતી. ટ્રમ્પે કહ્યું કે, ઈરાન સાથે હાલમાં વાટાઘાટો ચાલી રહી છે અને તેહરાન શાંતિ કરાર માટે ઉત્સુક છે. જેથી યુદ્ધવિરામ તરફ આગળ વધી રહ્યા છીએ. જેની પાછળ વૈશ્વિક બજારોના સેન્ટિમેન્ટ સુધરતા બજારોની ચાલ પોઝિટિવ રહી હતી. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.25 ટકા, કેક 1.67 ટકા, ડેક્સ 1.77 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.70 ટકા, સ્ટ્રેઈટસ 0.86 ટકા, હેંગસેંગ 0.86 ટકા, તાઈવાન 2.47 ટકા, જકાર્તા 2.67 ટકા અને શાંઘાઈ 1.29 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: કરન્સી બજારમાં ગઇકાલે એક દિવસ માટે રૂપિયામાં નજીવો સુધારો જોવાયા બાદ આજે પણ રૂપિયો ઘટયો હતો, અને ફરીથી ડોલર 94ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા ઘટીને 93.97ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.88ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.27, પાઉન્ડ 125.30, કેનેડિયન ડોલર 68.10, ઓસ્ટ્રેલિયન ડોલર 65.78, જાપાનીઝ યેન 0.5917 અને સીંગાપોર ડોલર 73.42ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.97 ₹.
યુરો	109.27 ₹.
પાઉન્ડ	125.30 ₹.
યેન	0.5917 ₹.

સેન્સેક્સ	1205.00	75273.45
નિફ્ટી	394.05	23306.45
બેન્કનિફ્ટી	1102.45	53708.10

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	5.80	956.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	4.09	11204.00
બજાજ ફાઇનાન્સ	3.98	882.75
ગ્રાસીમ ઇન્ડ.	3.86	2647.80
અદાણી એન્ટરપ્રાઇઝ	3.78	1886.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	1.69	1408.50
પાવરગ્રીડ	1.34	295.00
ટીસીએસ	0.89	2377.40
ભારત ઇલે.	0.24	413.45

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	4.39	11233.10
બજાજ ફાઇનાન્સ	3.82	882.45
લાર્સન-ટુબ્રો	3.80	3648.40
ઇન્ટરગ્લોબ એવીએશન	3.46	4294.80

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	1.66	1409.10
પાવરગ્રીડ	1.37	295.